## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અમે જુની ટેવ મુજબ ભારત બંધનું એલાન આપી દીધું... પછી ખબર પડી કે ભારત કોરોનાને કારણે બંધ જ છે... માટે હવે અમે ભારત ચાલુ એવું એલાન ફરીને આપીશું...!!!

# ભારત બંધને પગલે શહેરમાં લોખંડી પોલીસ બંદોબસ્ત

ગાંધીનગર, તા.૭

દિલ્હીની કેન્દ્ર સરકાના ત્રણ નવા કૃષિ કાનૂન સામે ખેડુતો દ્વારા છેલ્લા ૧૨ દિવસથી આંદોલન યથાવત છે. દિલ્હીની વિવિધ સરહદો પાસે ખેડુતો મોટીસખ્યામાં ધરણા કરી રહ્યા છે. ત્યારે ખેડુતો દ્વારા ભારત ભરમાં તા.૮ ડિસેમ્બરના રોજ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. ભારત બંધના એલાનને પગલે રાજયના પાટનગરમાં પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. તે ઉપરાંત વિવિધ સ્થળો પર ટુકડીઓ તૈનાત કરી દેવાઈ છે. ત્યારે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના સુપરવિઝનમાં ૬ ડીવાયએસપી, ૨૦ પીઆઈ, ૭૦ પીએસઆઈ, ૧ હજાર પોલીસ જવાનોનો લોખંડી પહેરો શહેરની ફરતે તૈયાર કરાયો છે.

શહેરના મુખ્ય રાજમાર્ગો અને જાહેર સ્થળો પર બંદોબસ્ત ગોઠવીને પોલીસ તંત્ર દ્વારા સતત પોલીસ પેટ્રોલીંગ ચાલુ રાખીનો મોટાભાગની પોલીસ સ્ટેન્ડ ટુ રહેશે. પાટનાગરમાં બંધને પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે જોવાની સાથે બંધ કરાવવા માટે કોઈ જબરદસ્તી કે માથાકુટ કરીને વેપારીઓને હેરાન પરેશાન ન કરે તેનુ પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરના મુખ્ય એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર પોલીસની ટુકડીઓ ખડેપગે ઉભી છે. શહેરની સત્યાગ્રહ છાવણી, સચિવાલય, વિધાનસભા, સહિત સેકટર-૨૧, સેકટર-૨૪, સેકટર-૭, સેકટર-૧૧ વાણીજય કોમ્પ્લેક્ષ, શોંપીગ સેન્ટર સહિતની જગ્યા પર પોલીસની બાજ નજર રહેશે. જયારે બંધના એલાનમાં કોઈ પણ વ્યકતિ બળજબરીપૂર્વક દુકાનો બંધ કરાવે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### ગાંધીનગર જિલ્લાની એપીએમસી કાર્યરત રહેશે

ગાંધીનગર જિલ્લાની તમામ એપીએમસી મંગળવારના રોજ શરુ રહેશે. કલોલ, માણસા, દહેગામની એપીએમસી કાર્યરત રહીને અનાજ-કઠોળની ખરીદ-વેચાણ શરુ રહેશે. જયારે આલમપુર પાસે આવેલ હોલસેલ શાકમાર્કેટ પણ ખુલ્લુ રહેશે.

## ખૂણેખાંચરેથી

● જિલ્લા કલેકટર કુલદીપ આર્યના અધ્યક્ષપદે ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની ગર્વનીંગ બોડી તેમજ આરોગ્ય સંકલન સમિતિની બેઠક મળશે.

● કોવિડ માટેની ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં આગ જેવી દુર્ઘટનાઓ ના બને તે માટે આજે ખાસ તાલિમ અને મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● નાયબ ચીટનીસ ટુ તા.વિ.અ.ની ખાતાકીય પરીક્ષામાં ગાંધીનગર જિલ્લા પંચાયતના ભરતસિંહ વાઘેલા, મહેશભાઈ રાઠોડ, હિતેશ જોશી, ગોકુલભાઈ ગોઠી, જગતસિંહ ઠાકોર, શ્રીમતિ મીનાબેન પટેલ ઉત્તીર્ણ જાહેર થતાં કર્મચારીઓમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળતો હતો.

● ગાંધીનગર જિલ્લામાં કોવિડ સંક્રમણના કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળતો હોવાથી તંત્ર ચિંતાતુર બન્યુ.

● કોરોનાના આ કપરા કાળમાં પેટ્રોલ-ડિઝલના ભાવ-વધારાને લઈ મધ્યમવર્ગ ત્રાહિમામ્ પોકારી ઉઠ્યો છે. પેટ્રોલમાં ૨.૫૦ અને ડિઝલમાં ૩.૫૦ રૂ. જેટલો ભાવ-વધારો છેલ્લા ૧૫ દિવસમાં થયો.

● ગાંધીનગરમાં લગ્નસરાની મોસમ તેના અંતિમ ચરણમાં છે. જો કે ૧૧ ડિસેમ્બર પછી મુહૂર્ત નથી પણ લગ્નોની બોલબાલા વધુ છે.

● ગાંધીનગર સિવિલના વરિષ્ટ તબીબ પરેશભાઈ વોરાના પત્નીનું તાજેતરમાં દુઃખદ અવસાન થયુ હતુ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. વોરાને પત્ર પાઠવી સાંત્વના આપી છે. પ્રધાનમંત્રી જ્યારે મુખ્યમંત્રી હતા અને સ્વાઈન ફ્લુમાં સપડાયા હતા ત્યારે ડૉ. વોરાએ તેમના સ્વાસ્થ્યની ખાસ કાળજી લીધી હતી જે નોંધનીય છે.

# જિલ્લાના સાત ગામના ૧૬૨૮ મિલકત ધારકોને તેમના મિલકત કાર્ડ અર્પણ કરાયા

ગાંધીનગર, તા.૭

રાજયના પાટનગર ગાંધીનગરની સ્થાપના સમયે અસરગ્રસ્ત થયેલ ખેડૂતોને આજે તેમની મિલ્કતના આધાર પુરાવા માટે જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યના હસ્તે પ્રોપટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. હક્ક ચોકસી અધિકારીની કચેરી દ્વારા કુલ- ૭ ગામના ૧૬૨૮ પ્રોપ્રટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. હાલમાં પણ આ કામીગીરી ચાલું છે.

આ કામગીરી પૂર્ણ થતાં મિલકત ધારકોને જેટલો આનંદ છે, તેટલો જ સંતોષ મને થયો છે, તેવું કહી જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર પ્રક્રિયાને સુચારું રીતે પાર પાડવામાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા અને હક્ક ચોકસી અધિકારીની કચેરીના કર્મયોગીની ભૂમિકા મહત્વની છે. ગાંધીનગરની રચનામાં ૧૨ ગામોની જમીન સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવી હતી. તે પછી ઘણા લાંબા સમયથી આપને આપનો સામાન્ય હકક મળ્યો ન હતો. તમે આ હક્કના હક્કદાર હતા, તે આપને આપવામાં આવ્યો છે. કોઈપણ વિકસિત દેશમાં મિલકત સંબંધિત હકની સરળતા છે, જેથી મિલકત પર હકક હોય તો તેને પડાવી લેવાની ઘટના ઓછી બને છે.

ગાંધીનગર શહેર વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, બોરીજ,



આદિવાડા, ફતેપુરા, ધોળાકુવા, પાલજ અને બાસણ ગામોના ગ્રામજનોને રહેણાંકની મિલકતો વર્ષોથી જે તે મિલકત ધારકોના કબજાવાળી અને કોઈ વાંધા-વિવાદ વગરની હોવા છતા તેના માલિકી હક્કના જટીલ પ્રશ્નો અનિર્ણિત હતા. ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યને આ અંગે રજૂઆત કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્ય દ્વારા તેમની દેખરેખ અને માર્ગદર્શન માટે એક પરિપત્ર જાહેર કર્યો હતો. તે આધારે હક્ક ચોકસી અધિકારી દ્વારા આ અંગેની યોગ્ય કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ઈન્દ્રોડા, પાલજ, બાસણ, ફતેપુરા (સેકટર- ૧૫), બોરીજ, આદિવાડા, ધોળાકુવા એમ કુલ ૭ ગામમાંથી કુલ- ૪૩૬૧ મિલ્કત સંબંધિત અરજીઓ આવી હતી. આ અરજીઓ પર કલેકટરશ્રી, અધિક કલેકટરશ્રી અને હક્ક ચોકસી અધિકારીના માર્ગદર્શન હેઠળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાંથી ઈન્દ્રોડાના ૪૦૪, પાલજના ૩૯૨, બાસણના ૭૩, ફતેપુરાના ૧૧૦, બોરીજના ૨૨૪, આદિવાડાના ૩૨૮, ધોળાકુવાના ૯૭ મળી કુલ- ૧૬૨૮ મિલ્કતના પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. બાકી રહેલા મિલકત ધારકોને તેમના મિલકત કાર્ડ આપવા માટેની કાર્યવાહી હાલમાં ચાલું છે.

આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના હસ્તે આ સાત ગામમાંથી બે – બે મિલકત ધારાકોને જિલ્લા કલેકટર કચેરીના સમિતિ ખંડમાં મિલકત કાર્ડ અર્પણ કર્યા હતા.

આ મિલકત કાર્ડ થકી મિલકત ધારકો બેંકમાંથી લોન, કોર્ટ-પોલીસમાં જામીનગરી, સોલવંશી પ્રમાણપત્ર અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મિલકત ધારક તરીકે પોતાનું નામ દાખલ કરાવી શકશે.

આ મિલકત કાર્ડ વિતરણ સમારંભમાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, એસ.એસ.આર શ્રી એ.સી.ગામીતી, હક્ક ચોકસી અધિકારી શ્રીમતી ભાવનાબેન રબારી, મામલતદાર(જ.ફા) શ્રીમતી પંચાલ, શિરસ્તેદાર શ્રી ભરતભાઈ પંચાલ, મંડળના ઉપપ્રમુખ શ્રી ચંદુજી ઠાકોર, મહામંત્રી શ્રી બળદેવજી ઠાકોર અને અન્ય હોદ્દેદારો અને આમંત્રિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



પ્રગતિ યુવક મંડળ, પારસા સંચાલિત કે.આર. પટેલ એન્ડ એમ.એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, પારસા, તા. માણસા, જી. ગાંધીનગર દ્વારા તા. ૨૫-૧૧-૨૦૨૦ના રોજ કોરોના (કોવિડ-૧૯) અંતર્ગત જનજાગૃતિ માટે આચાર્યશ્રી પી.એસ. પટેલના માર્ગદર્શન હેઠળ શાળા પરિવારે પારસા ગામના જાહેરસ્થળોએ ફલેકસબોર્ડ લગાવી તેમજ કોરોના સામે સાવચેતી માટે સૂચનોના પેમ્પલેટનું ગ્રામજનોને વિતરણ કરવામાં આવ્યું. સમગ્ર અભિયાન દરમિયાન સંસ્થાના પ્રમુખ/મંત્રીશ્રી તથા મંડળના હોદ્દેદારોએ પણ હાજર રહી શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

# ગુડા દ્વારા રાયસણમાં બનાવેલ સીસી રોડ તુટી ગયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના રાયસણ ગામે ગુડા દ્વારા મહાકાલી પાર્લરથી પ્રાથમિક શાળા સુધી બનાવવામાં આવેલ સી.સી. રોડ સાવ તુટી જતાં ગ્રામજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

બે વર્ષ પૂર્વે જ આ સી.સી. રોડ બનાવવામાં આવ્યો હતો પરંતુ તેમાં ગુણવત્તાની જાળવણીના અભાવે હાલ આ રોડ તુટી જવા પામેલ છે અને ઉપરથી ખાડા-ખાબોચ્યા ધરાવતો રોડ બની ગયો છે.

આ બાબતે જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેચરજી ઠાકોરે પણ આ માર્ગને તાકીદે દુરસ્ત કરવા માટે તંત્રને વારંવાર રજુઆત કરી હતી પરંતુ તંત્ર દ્વારા આ બાબતે ઉદાસીન વલણ દાખવવામાં આવી રહ્યુ હોવાથી ગ્રામજનોમાં રોષની લાગણી ઉભી થઈ છે. મનપામાં આ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિકાસની વાતો કરવામાં આવે છે પરંતુ શહેરમાં સમાવિષ્ટ એક પણ ગામમાં હજુ વિકાસના કામ શરૂ થયા નથી. ગ્રામજનો એવુ કહી રહ્યા છે કે કામો પછી શરૂ કરજો પણ પહેલા જે સુવિધા હતી તેને દુરસ્ત કરવાનું કામ તો કમ સે કમ શરૂ કરો જેથી ગ્રામજનોમાં વિશ્વાસની લાગણી ઉભી થાય.

# ગાંધીનગરના જાણીતા કવિ ધ્વનિલ પારેખ સાહિત્ય પરિષદના પ્રસાર મંત્રી તરીકે ચૂંટાયા

ગાંધીનગર, તા. ૭

ગુજરાતી સાહિત્ય પરિષદના પદાધિકારીઓ માટે યોજાયેલી ચૂંટણીમાં ગાંધીનગરના યુવા સર્જક ધ્વનિલ પારેખ પ્રસારમંત્રી તરીકે ચૂંટાયા છે. જ્યારે ઉપપ્રમુખ પદે જાણીતા કવિ માધવ રામાનુજ અને પ્રપુલ્લ રાવલ બહુમતીથી વિજયી બન્યા છે. આ ઉપરાંત મહામંત્રી (વહીવટી મંત્રી) તરીકે કિર્તિદા શાહ, પ્રકાશનમંત્રી તરીક અજયસિંહ ચૌહાણ, ગ્રંથાલય મંત્રી તરીકે મનીષ પાઠક, સ્વાધ્યાયપીઠ મંત્રી તરીકે છાયા ત્રિવેદી અને કોષાધ્યક્ષ તરીકે રાજેન્દ્ર ઉપાધ્યાય ચૂંટાયેલા જાહેર કરાયા છે.

ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિની સાત બેઠકો માટે ૧૯ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. આજે જાહેર થયેલ પરિણામોમાં સર્વ હેમંત નાણાવટી, યજ્ઞેશ દવે, દર્શક આચાર્ય, દિપક મહેતા, અનિલા દલાલ, હેમાંગ રાવલ અને મનસુખ સલ્લા વિજયી બન્યા હતા.

# કોરોનાના કપરા કાળમાં દર્દીઓ પ્રત્યેની સંવેદના અને સેવા ધ્યેય જ અમારૂ ચાલક બળ છે : સિવિલ હોસ્પિટલના તબીબો

## કોવિડ કેરના હૃદય સમાન એનેસ્થેસિયા વિભાગમાં બાહોશીપૂર્વક ફરજ બજાવતા ૫૮ વર્ષીય મહિલા તબીબો

ગાંધીનગર, તા. ૭

'કોરોના' આ શબ્દથી હવે કોઈ અજાણ નથી.. કોરોનાએ અનેક લોકોને સંક્રમિત કર્યા છે... રાજ્ય સરકારે કોરોનાના દર્દીઓને સારવાર આપવા માટે અનેક પગલાં લીધા છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પણ આજે અનેક દર્દીઓને સારવાર અપાઇ રહી છે... દર્દીઓની સેવા સુશ્રુષા માટે સંખ્યાબંધ તબીબો અવિરત સેવા આપી રહ્યા છે. કોરોનાના સંક્રમણની શક્યતા વચ્ચે આ તબીબો 'ડર કે આગે સેવા હૈ'ના જીવન મંત્ર સાથે સતત કાર્યરત રહ્યા છે.

એનેસ્થેસિયા વિભાગના એડિશનલ પ્રોફેસર ડોક્ટર તરલીકા કહે છે કે 'તબીબોને પણ કોઈ પ્રકારની શારીરિક તકલીફ હોઈ શકે છે... એવી પરિસ્થિતિમાં પણ અમે દર્દીઓને સારવાર આપવામાં ક્યારેય કચાશ નથી રાખતા. ૧૨૦૦ બેડની હોસ્પિટલ શરૂ થઈ ત્યારથી જ હું એનેસ્થેસિયા નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવું છું... અનેક પ્રકારના દર્દીઓ સારવાર માટે આવ્યા અને સાજા થઈને પરત પણ ગયા... કોવિડના પ્રોટોકોલ પ્રમાણે સ્વભાવિક રીતે દર્દીના સગા જોડે ન જ હોય, એવા સંજોગોમાં અમારી જવાબદારી વિશેષ બને છે... ક્યારેક


DR.Dikshita Tripathi


Dr.Tarlika

દર્દીઓ બેભાન અવસ્થામાં પણ હોય ત્યારે તેમની વિશેષ કાળજી લેવી પડે છે... આ દર્દીઓની સારવાર દરમિયાન અમને પણ કોરોના સંક્રમણ લાગી શકે છે. મને પોતાને ૧૯૮૨થી શ્વાસની તકલીફ છે, મારા હૃદયના ધબકારા ઘણા અનિયમિત રહે છે, તેમજ મારા ફેફસાનો મોટો ભાગ પણ ક્ષતિગ્રસ્ત છે, પરંતુ તેને અવગણીને મેં મારી ફરજ ચાલુ જ રાખી છે.. હાલમાં પણ ૧૦ થી ૧૫ જેટલા રેસિડેન્ટ ડોક્ટર સંક્રમિત છે અને સારવાર હેઠળ છે, ડોક્ટર્સના પરિવારજનોને પણ ચેપનું જોખમ રહે છે, પરંતુ દર્દીઓની સેવા એ જ અમારો જીવન મંત્ર છે' એમ તેઓ ઉમેરે છે.

પ્રોફેસર અને એનેસ્થેસિયા વિભાગના ઈન્ચાર્જ હેડ ડોક્ટર દિક્ષિતા ત્રિપાઠી કહે છે કે 'કોરોના કાળમાં સૌથી પડકારજનક કામગીરી આઈસીયુ મેનેજમેન્ટની છે... ઈન્ટેન્સિવ કેર યુનિટ(આઈસીયુ)માં દર્દીઓની સારવાર એક પ્રકારનો તબીબી પડકાર હોય છે... ઓક્સિજન મેનેજમેન્ટ, વેન્ટિલેટર મેડિકલ મેનેજમેન્ટ જેવી વિવિધ કામગીરી નિભાવી પડતી હોય છે પરંતુ કોઈ પણ કપરી પરિસ્થિતિમાં દર્દીઓની સેવા સુશ્રુષા એ અમારી પ્રાથમિકતા છે... મારો પોતાનો પણ થોડાક સમય પહેલા કોરોનાનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો અને બ્લડ ઈન્ફેક્શન થયું હતું, કોરોના અતિ ગંભીર બનતા ટોસિલીઝુમેબ જેવા ઈન્જેક્શન પણ આપવામાં આવ્યા હતા, કોરોના થયા બાદ શારીરિક નબળાઈ અનુભવી રહી હતી, પરંતુ સારવાર બાદ તરત જ ફરજ પર હાજર થઈ મેં મારી કામગીરી શરૂ કરી...

રાજ્ય સરકારે કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે જાહેર કરેલી માર્ગદર્શિકાનો અમલ કરવાનો અનુરોધ કરતાં ડૉ. ત્રિપાઠી કહે છે કે માસ્ક પહેરવું, સેનીટાઈઝેશન, હાથ ધોવા, ભીડમાં ન જવું જેવી સૂચનાઓનું પાલન લોકોએ કરવું જ જોઈએ. આવા તો અનેક તબીબો અને પેરા મિડેકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફ કોરોનાના સંક્રમણની ભિતી વચ્ચે દિવસ રાત દર્દીઓની સેવામાં વ્યસ્ત રહે છે. દર્દીનારાયણની સેવા જ એમના માટે સર્વસ્વ છે. સલામ છે આવા કર્મનિષ્ઠોને...

## ભારત બંધના એલાનને બહુજન મુક્તિ પાર્ટીનું સમર્થન

ગાંધીનગર, તા. ૭

ખેડૂતોએ આપેલ ભારત બંધના એલાનને ગુજરાત બહુજન મુક્તિ પાર્ટી સહિતના વિવિધ સંગઠ્નોએ ટેકો જાહેર કર્યો છે.

રાષ્ટ્રીય કિસાન મોરચા, નવી દિલ્હી અને ગુજરાત કિસાન સમન્વય સમિતિ દ્વારા આવતીકાલે ભારત બંધનું એલાન આપવામાં આવ્યુ છે. ભારત બંધના એલાનને ગુજરાત કિસાન સમન્વય સમિતિ, રાષ્ટ્રીય કિસાન મોરચા ગાંધીનગર યુનિટ, બહુજન ક્રાંતિ મોરચા - જિલ્લા સંયોજક, ભગતસિંહ ક્રાંતિદળ - ગુજરાત પ્રભારી, ગાંધીનગર જિલ્લા અજાજ મીડિયા ટ્રસ્ટ-પ્રમુખ, ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ, ભીમ આર્મી-ગુજરાત અને સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ સમર્થન જાહેર કર્યુ છે.

# જળ સ્ત્રોતના સંરક્ષણ માટે એક મહિનામાં નોડલ એજન્સી બનાવો

## ગુજરાત સહિત દેશના રાજ્યોના ચીફ સેક્રેટરી તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોને ઝડપથી કામગીરી પૂર્ણ કરવા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલનો આદેશ

ગાંધીનગર

દેશના ગુજરાત સહિતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી) એ એવો આદેશ કર્યો છે કે તેઓ પાણીના સ્ત્રોતના સંરક્ષણ તેમજ બચાવની કામગીરી શરૂ કરે. આ સાથે પાણીનો જ્યાં બહોળા પ્રમાણમાં વ્યય થાય છે તે અટકાવવાનું કામ પણ કરવાનું રહેશે. જળ સંરક્ષણ માટે આ ટ્રિબ્યુનલના આદેશનું પાલન ગુજરાતના ચીફ સેક્રેટરીને પણ કરવાનું રહેશે.

આદેશમાં જણાવવામાં આવ્યું છે કે અન્ય રાજ્યોના ચીફ સેક્રેટરીની જેમ ગુજરાતના ચીફ સેક્રેટરીએ પણ એક મહિનાની અંદર નોડલ એજન્સીની રચના કરવાની રહેશે. એનજીટીના અધ્યક્ષ ન્યાયમૂર્તિ આદર્શ કુમાર ગોયલની અધ્યક્ષતા વાળી એક ખંડપીઠે નોડલ એજન્સીઓને ૩૧મી જાન્યુઆરી સુધી પરિસ્થિતિનો ચિતાર મેળવવા માટે એક બેઠક બોલવવાની અને આગળના પગલાં માટેની યોજના બનાવવાનો નિર્દેશ આપ્યો છે.

આદેશમાં રાજ્યના જિલ્લા અધિકારીઓને આગળના કાર્યો કરવા માટેનો નિર્દેશ પણ શામેલ છે. સૂચિત નોડલ એજન્સીઓએ એક દેખરેખ વ્યવસ્થાપન અને ફરિયાદ નિવારણ તંત્ર વિકસિત કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતની જળસંચય સુવિધા સમગ્ર દેશમાં અગ્રેસર માનવામાં આવે છે પરંતુ જળ સુરક્ષા અંગેની ચોક્કસ નીતિનો અભાવ છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વરસાદના પાણીના સંચય પર આપવામાં આવેલા એક રિપોર્ટને ધ્યાને રાખીને બેંચ એ કહ્યું છે કે એવું પ્રતીત થઈ રહ્યું છે કે સીપીસીબીએ આ વિષય પર અધિકરણના નિર્દેશોની સરાહના કરી નથી. શહેરી વિસ્તારોમાં તમામ ભવનો અને અન્ય સ્થાનોમાં વરસાદી પાણીના સંગ્રહની આવશ્યકતા છે. ખાસ કરીને તળાવોને ઉંડા ઉતારી તેમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે.

એવું નોંધવામાં આવ્યું છે કે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રમાણે પાણીના સ્ત્રોતના સંરક્ષણ માટેરાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લાસ્તરે દેખરેખની આવશ્યકતા હોવાથી કાર્યવાહી કરવી જોઈએ. દેશના તમામ રાજ્યોએ એક મહિનામાં નોડલ એજન્સી સ્થાપવામાં આવે, જેનું કાર્ય રાજ્યના વેટલેન્ડ પ્રાધિકરણ અથવા નદી કાયાકલ્પ સમિતિને સોંપવામાં આવી શકે છે અથવા તો સિંચાઈ સચિવ અને જળવ્યવસ્થાપનમાં કામ કરતા અધિકારીઓનો સમાવેશ કરવો જોઈએ.

# ગુજરાતમાં સૌથી મોટી રાજકીય પાર્ટી ભાજપ છે, પાર્ટીમાં ૧.૨૦ કરોડ કાર્યકરોની ફોજ છે

## કોંગ્રેસનો દાવો છે કે તેની પાસે ૮૦ લાખ કાર્યકરો છે પરંતુ એવાં કેટલાક ગામડાં છે કે જ્યાં હવે ભાજપના કાર્યકરો છે, શહેરી વિસ્તાર કોંગ્રેસ માટે ખાલીખમ

ગાંધીનગર

ગુજરાતમાં એક સ્થિતિ એવી હતી કે કોંગ્રેસ પાસે ૧.૫૦ કરોડથી વધુ કાર્યકરોની ફોજ હતી પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે. ૧૯૯૫ પછી ગુજરાતમાં ભાજપની સરકાર હોવાથી કાર્યકરોની મોટી ફોજ ભાજપમાં સામેલ થઈ છે. આજે ભાજપ પાસે ગુજરાતમાં ૧.૨૦ કરોડ કાર્યકરોની ફોજ છે જ્યારે કોંગ્રેસનો દાવો છે કે પાર્ટી પાસે ૮૦ લાખથી વધુ કાર્યકરો છે.

જો કોંગ્રેસ પાસે ૮૦ લાખ કાર્યકરો હોય તો ચૂંટણીમાં ક્યાં તો તેઓ નિષ્ક્રિય રહે છે અથવા તો પાર્ટીએ આપેલા આ આંકડા ખોટા છે. સૂત્રો કહે છે કે કોંગ્રેસ છોડીને અત્યાર સુધીમાં જે નેતાઓ ભાજપમાં ગયા છે તેઓ ઓછામાં ઓછા ૪૫ લાખથી વધુ કાર્યકરોને સાથે લઈ ગયા છે. ગુજરાતમાં આજે સૌથી મોટી પાર્ટી તરીકે ભાજપ ઉભરી રહી છે.

બન્ને પાર્ટીના કાર્યકરોનો સરવાળો કરતાં એવું કહી શકાય કે રાજ્યની કુલ વસતીમાં પ્રત્યેક પાંચમી વ્યક્તિ કોઈને કોઈ રાજકીય પાર્ટી સાથે જોડાયેલી છે. કોંગ્રેસે જનાધાર તો ગુમાવ્યો છે પરંતુ પાર્ટીના કાર્યકરોનો વિશ્વાસ પણ ગુમાવ્યો છે. કોંગ્રેસના પ્રદેશ નેતાઓનો દુકાળ પડ્યો છે તેમ કાર્યકરોનો પણ દુકાળ છે. ખાસ કરીને શહેરી વિસ્તારમાં કોંગ્રેસને કાર્યકરો મળતા નથી, કારણ કે મોટાભાગના લોકો ભાજપમાં જવાનું પસંદ કરી રહ્યાં છે.

એક સમય હતો જયારે કોંગ્રેસનો કાર્યકર રાજ્યના પ્રત્યેક ગામડામાં મોજૂદ હતો આજે એવાં ઘણાં નાના ગામો છે કે જ્યાં કોંગ્રેસના કાર્યકરો નથી, પરિણામે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો બિનહરીફ થઈ રહ્યાં છે. ગુજરાતમાં ૨૦૧૫માં જ્યારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ થઈ હતી ત્યારે આખા રાજ્યની પંચાયતો અને નગરપાલિકામાં ૩૫૦૦થી વધુ બેઠકો ભાજપે બિનહરીફ મેળવી હતી. એટલે કે ભાજપના ઉમેદવારની સામે કોંગ્રેસનો ઉમેદવાર મેદાનમાં ન હતો.

રાજ્યમાં કોઈપણ ચૂંટણી આવે છે ત્યારે કોંગ્રેસમાં દાવેવારોની ફોજ ઉભી થઈ જાય છે પરંતુ ચૂંટણી નજીક આવે ત્યારે આ દાવેદારો પાર્ટીના સત્તાવાર ઉમેદવારને હરાવવાનો પ્રયાસ કરે છે, જેનો સીધો ફાયદો ભાજપને થઈ રહ્યો છે. ભાજપનો દાવો છે કે રાજ્યના પ્રત્યેક ગામમાં તેનો કાર્યકર જોવા મળે છે. જો આ દાવો સાચો હોય તો કોંગ્રેસ માટે આગામી સ્થાનિક ચૂંટણી જીતવી ભારે પડી શકે છે.

ઈ-ટેન્ડર જાહેર નિવિદા
વર્ષ ૨૦૨૦-૨૦૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ઈ-ટેન્ડર ડોક્યુમેન્ટ નં. : ૩૯

ગાંધીનગર મહાનગપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે વાર્ષિક કરારના ધોરણે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ કે જે ભારતીય માન્યતા પ્રાપ્ત સંસ્થાઓનું લાઈસન્સ તથા રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેમની પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામની વિગત | કુતરાના ખસીકરણ તથા રસીકરણનું કાર્ય |
| અંદાજીત રકમ લાખમાં | ૧,૫૦,૦૦,૦૦૦ (એક કરોડ પચાસ લાખ) અંદાજીત |
| ઈ.એમ.ડી.ની રકમ રૂ. | ૪,૫૦,૦૦૦/- |
| ટેન્ડર ફીની રકમ રૂ. | રૂ. ૫૦૦૦/- |
| ઈ-ટેન્ડર અપલોડ કરવાની તારીખ | તા. ૭/૧૨/૨૦૨૦, સમય ૧૨-૦૦ કલાકે |
| ઈ-ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | તા. ૨૩/૧૨/૨૦૨૦ સમય ૧૮-૦૦ કલાક સુધી |
| ઈ-ટેન્ડર ઓનલાઈન સબમિટની છેલ્લી તારીખ | તા. ૨૮/૧૨/૨૦૨૦ સમય ૧૮-૦૦ કલાક સુધી |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ | તા. ૩૧/૧૨/૨૦૨૦ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર, મહાનગરપાલિકા, એમ.એસ. બિલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ઓનલાઈન ટેન્ડર ખોલવાનો સમય, સ્થળ અને તારીખ | ૧/૧/૨૦૨૧ સમય ૧૨ કલાકે, અત્રેની કચેરીએ |
| બીડ વેલીડીટી | ૨ વર્ષ |
| ટેન્ડર ડોક્યુમેન્ટની વિગત આ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી ભરી શકાશે. | www.nprocure.com ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.gmc.egov.org.in ઉપરથી જોઈ શકાશે. |

સ્થળ : ગાંધીનગર
તા. ૭/૧૨/૨૦૨૦
માહિતી/૧૪૧૪/૨૦-૨૧

મ્યુનિસિપલ કમિશનરશ્રી
ગાંધીનગર મહાનગરપાલિકા